# રૂર્બનમાં પણ વડાપ્રધાનની લોકપ્રિયતા સાબિત કરતો પ્રભાવશાળી રોડ શો

## વડાપ્રધાનને નિહાળવા દહેગામ સહિત ગ્રામ્ય વિસ્તારની પ્રચંડ જનમેદની ઉમટી : જયઘોષ અને પુષ્પવર્ષા સાથે જનતાએ કર્યુ અભિવાદન : નરેન્દ્ર મોદીને નજીકથી નિહાળીને નાગરિકો રોમાંચિત

ગાંધીનગર, તા.૧૨

આજે પણ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દહેગામ ખાતે વધુ એક 'પાવરફુલ' રોડ શો કરીને રાજકીય પંડિતોને વિચારતા કરી મુક્યાં છે. ગઈકાલે એરપોર્ટથી કોબા સુધીના 'પાવરપેક' રોડ શો બાદ આજે સવારે ફરી બેક-ટુ-બેક બીજો 'પાવરફુલ' રોડ શો તે પણ દહેગામ જેવા રૂર્બન વિસ્તારમાં કર્યો આ રોડ શોમાં પણ ભરચક જનમેદનીની ઉપસ્થિતિએ વડાપ્રધાનની લોકપ્રિયતા કેટલી સબળ છે તેનો પુરાવો આપી દીધો હતો.

આજે સવારે વડાપ્રધાન રાજભવનથી રક્ષા શક્તિ યુનિવર્સિટી જવા નીકળ્યા ત્યારે ૧૧ કલાકે દહેગામમાં પ્રવેશ્યાં હતા અને તે સાથે જ તેમનો રોડ શો શરૂ થઈ ગયો હતો. ભવ્ય રોડ-શોમાં દહેગામ ઉપરાંત આસપાસના ગ્રામીણ વિસ્તારની જનતા ઉમટી પડી હતી અને જનતાએ જોશભેર વડાપ્રધાનને આવકારતાં 'જય શ્રી રામ', મોદી-મોદી, 'ભારત માતાકી જય' અને 'વંદે માતરમ્' જેવા સુત્રોચ્ચાર કર્યા હતા અને નરેન્દ્ર મોદી પર પુષ્પવર્ષા કરી હતી. રોડ શો માટે લગાડવામાં આવેલી રેલીંગને અડીને રોડની બંને તરફ માનવ મહેરામણ ઉમટ્યો હતો અને ખુલ્લી જીપમાં સવાર વડાપ્રધાને મુખ્યમંત્રી સાથે મળીને ક્યારેક 'વી ફોર વિક્ટરી' સાઈન દર્શાવતા તો ક્યારેક બે હાથ જોડીને નમસ્કાર કરતાં કરતાં જનતાનું અભિવાદન ઝીલ્યું હતું. વડાપ્રધાનના આગમન પહેલાંથી જ જનમેદની રોડની બંને તરફ ગોઠવાઈ ગઈ હતી અને આતુરતાપૂર્વક વડાપ્રધાનના કાફલાની રાહ જોઈ રહી હતી. અમુક અંતરે નાના સ્ટેજ બનાવીને ડીજે સાઉન્ડના સહારે ગાયક કલાકારો દ્વારા દેશભક્તિના ગીતો ગાઈને જનતાનો જોશ વધારવામાં આવ્યો હતો. વડાપ્રધાનનો કાફલો દેખાતાં જ ઉપસ્થિત જનમેદનીને હર્ષોલ્લાસની ચિચિયારીઓ સાથે જયઘોષ શરૂ કરી દીધાં હતાં અને વડાપ્રધાનને નજીકથી નિહાળીને નાગરિકો રોમાંચિત થઈ ગયા હતા. અનેક નાગરિકોએ આ ક્ષણને પોતાના મોબાઈલમાં ફોટો ક્લિક કરીને કંડારી લીધી હતી તેમજ તેઓ આજીવન આ અમૂલ્ય ક્ષણને ભૂલશે નહી તેવું જણાવતાં હતા. ખાસ કરીને બાળકો સાથે મહિલાઓ પણ નરેન્દ્ર મોદીને નિહાળીને ખૂબ ભાવુક થઈ ગઈ હતી અને જાણે કે વર્ણન કરવા માટે શબ્દો ન હોય તેટલી હદે ગદગદીત થઈ ગઈ હતી. દહેગામ શહેરમાં આજે જાણે કે દિવાળી જેવો મોટો ઉત્સવ આવ્યો હોય તેવી ખુશી જોવા મળી હતી. વડાપ્રધાનનો રોડ શો આશરે એક કલાક જેટલો ચાલ્યો હતો ત્યારબાદ તેઓ રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી જવા રવાના થયાં હતાં.




## ખૂણેખાંચરેથી

- દહેગામના કોંગીના પૂર્વ ધારાસભ્ય કામીનીબા રાઠોડને આજે વડાપ્રધાનના કાર્યક્રમને લઈ નજરકેદ કરાયા હતા.
- ચિલોડા પંથકમાં ચાર રાજ્યોમાં ભવ્યાતિભવ્ય વિજય પછી આવેલા પ્રધાનમંત્રીના રોડ શો પછી ડભોડાના લલિતસિંહ ઠાકોરે ૫૦ કિલો લાડુ જનતાને આજે વહેંચ્યા હતા.
- ગાંધીનગર બ્રહ્મસમાજ દ્વારા હવે બ્રહ્મભવન ખાતે વિવિધ વિદ્યાશાખાઓની લાયબ્રેરી શરૂ કરવામાં આવી છે.
- ગાંધીનગર જિલ્લામાં ગરમીનો પારો ૧૪મી માર્ચથી હિટવેવ શરૂ થશે. ગરમીનો પારો ૧૬મી માર્ચે ૪૨ ડિગ્રીએ પહોંચી જશે તેવુ હવામાન વિભાગનું કહેવું છે.
- પંચાયત મહાસભાના ગઈકાલે સભાસ્થળેથી બે વ્યક્તીઓ ગુમ થઈ હતી જો કે સવારે તેઓ સહિ સલામત તેમના ઘરે પહોંચી ગયાનું જણાતાં તંત્રએ રાહત અનુભવી હતી. જસદણ અને સુરતની મળી બે વ્યક્તીઓ ગુમ થઈ હતી.
- ગાંધીનગર શહેરમાં ગરમીમાં વધારો થતાં વીજપુરવઠાની માંગ પણ વધવા પામી છે.
- ગાંધીનગર મનપા દ્વારા વ્યવસાયવેરાના રજીસ્ટ્રેશન અંગે ખાસ કેમ્પોનું આયોજન કરશે.
- ગાંધીનગર શહેરના કેટલાક રમતવીરો આજે બે વખત ઉદ્‌ઘાટન સમારોહમાં હાજરી આપવા અમદાવાદ પહોંચ્યા હતા. પહેલા સ્ટેડિયમ ફૂલ થઈ જતાં પરત ફરેલી બસો પુનઃ ખેલાડીઓને લઈ ત્યાં પહોંચી હતી.
- ગાંધીનગર શહેર-જિલ્લામાં ગરમીમાં રાહત માટે છાશ-દહીના વેપારમાં વૃદ્ધ થતી જણાઈ છે.
- ગાંધીનગર શહેરમાં કોરોનાનો એક કેસ નોંધાયો તો ગ્રામ્ય વિસ્તારમાં સતત બીજા દિવસે એક પણ કેસ નોંધાયો નથી.

## હરિની દ્રષ્ટિ...

\- હરિન ભટ્ટ




આપણી આ શિબિર માટે હાઈકમાંડનો શુભેચ્છા સંદેશ છે કે... તમને હાર પછીની મીટીંગનો બહોળો અનુભવ છે તેથી તમે હાંકે રાખો...!!

## રાજ્યમાં કોરોનાના નવા ૪૭ કેસ

ગાંધીનગર, તા.૧૨

ગુજરાતમાં આજે કોરોનાના નવા ૪૭ કેસ નોંધાયા છે. તો બીજી તરફ ૫૩ દર્દીઓ સાજા પણ થયા છે. બીજી તરફ કોરોનાને અત્યાર સુધીમાં કુલ ૧૨,૧૨,૦૬૪ નાગરિકો મ્હાત આપી ચુક્યા છે. જેના પગલે કોરોના રિકવરી રેટ પણ સુધરીને ૯૯.૦૬ ટકાએ પહોંચી ચુક્યો છે. તો બીજી તરફ કોરોનાના રસીકરણના મોરચે પણ સરકાર મજબુતીથી લડી રહી છે. આજે રાજ્યમાં કુલ ૬૯,૫૮૭ રસીના ડોઝ આપવામાં આવ્યા હતા. રાજ્યમાં એક્ટિવ કેસની વાત કરીએ તો રાજ્યમાં કુલ ૫૬૦ એક્ટિવ કેસ છે.

જે પૈકી ૦૭ નાગરિકો વેન્ટિલેટર પર છે. જ્યારે ૫૫૩ નાગરિકો સ્ટેબલ છે. અત્યાર સુધીમાં કુલ ૧૨,૧૨,૦૬૪ નાગરિકો ડિસ્ચાર્જ થઈ ચુક્યાં છે. ૧૦૯૩૮ નાગરિકોનાં કોરોનાને કારણે મોત થઈ ચુક્યાં છે. જો કે રાહતના સમાચાર કહી શકાય કે આજે કોરોનાને કારણે એક પણ નાગરિકનું મોત નથી નિપજ્યું. અમદાવાદ કોર્પોરેશનમાં ૩૧, વડોદરા કોર્પોરેશનમાં ૫, વડોદરા ૩, આણંદ ૨, ડાંગ, ગાંધીનગર કોર્પોરેશન, મોરબી, રાજકોટ, સુરત કોર્પોરેશન અને તાપીમાં ૧-૧ કેસ નોંધાયા છે.



દેશી ફ્રીજ તરીકે ઓળખાતા માટલાઓનો નવો સ્ટોક બજારોમાં આવી ગયો છે. કતારબંધ ગોઠવેલા માટલાઓ ખુબ જ સુંદર લાગી રહ્યા છે. ઉનાળો હવે શરૂ થયો છે ત્યારે માટલાઓની ખરીદી વધી છે. લાલ અને સફેદ રંગના માટલાઓની ખરીદી શરૂ થઈ ચુકી છે. માટલાઓનું પાણી કાળઝાળ ગરમીમાં અદ્‌ભૂત શાતા આપે છે.

## ભાઈજીપુરા પાટીયા હોટલ વિવાન સામેથી બાઈકની ચોરી

ગાંધીનગર, તા.૧૨

પીડીપીયુ થી શાહપુર સર્કલ તરફના સર્વિસ રોડ પર હોટલ વિવાન સામે બાઈક પાર્ક કરી મિત્ર સાથે ગેમઝોનમાં રમવા જતા બાઈકની ચોરી થવા પામી છે. બનાવ અંગે ઈન્ફોસીટી પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

મુળ માણાવદરના વતની અને હાલ ગાંધીનગર પીડીપીયુ કોલેજ ખાતે છેલ્લા વર્ષમાં અંજન ભરતભાઈ દાવડા અભ્યાસ કરે છે. જયારે અંજન દાવડા રાંદેસણ ઉર્જાનગર-૨ પાસે વેદિકા હેબીટેટમાં એ.૨૦૩ ખાતે છેલ્લા એક માસથી પીજીમાં રહે છે. ત્યારે ગત તા.૩ માર્ચના રોજ રાત્રીના સાડા બાર વાગ્યાના અરસામાં ઘરે હતા તે સમયે તેના મિત્રનો ફોન આવતા અંજન દાવડા બાઈક નં. જી.જે.૧૧.બી.જી.-૩૮૪૭ લઈને હોટલ વિવાન પાસે ગયો હતો.જયાં બાઈક પાર્ક કરીને બંન્ને મિત્રો કલબ સીકસટીનાઈન ગેમ ઝોન ખાતે ગયા હતા. ત્યારબાદ રાત્રીના પોણાએક વાગ્યાના અરસામાં પરત ફર્યા હતા. તે સમયે જોયુ તો બાઈક પાર્ક કરેલી જગ્યા પર ન હતું. બંને મિત્રોએ આસપાસના વિસ્તારમાં બાઈક અંગે શોધખોળ આદરી હતી. પરંતુ બાઈકનો અત્તોપત્તો લાગ્યો ન હતો. જેથી રૂ.૧૫ હજારના બાઈક ચોરી અંગે ઈન્ફોસીટી પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## સિનિયર નેશનલ ફેન્સીંગ સ્પર્ધામાં રાજયના ખેલાડીઓ ભાગ રવાના

ફેન્સીંગ એસોસિએશન ઓફ ઈન્ડીયાના ઉપક્રમે પંજાબ ફેન્સીંગ એસોસિએશન આયોજીત ૩૨ મી સિનિયર નેશનલ ફેન્સીંગ સ્પર્ધામાં ભાગ લેવા માટે રાજયમાંથી ૧૨ ભાઈ અને ૧૨ બહેનો તેમજ ૪ ટીમ ઓફિસીયલ અને ૩ ટેકનીકલ ઓફિશયલ મળી કુલ ૩૧ સભ્યોની ટીમ અમદાવાદ થી ૧૧ મી માર્ચના રોજ રવાના થઈ છે. સિનિયર ફેન્સીંગ સ્પર્ધા તા.૧૩ થી ૧૬ દરમિયાન પંજાબ ખાતે ગુરુ નાનક દેવ યુનિવર્સિટી અમૃતસર પંજાબ ખાતે યોજાનાર છે. ગુજરાત તરફથી ભાઈઓના વિભાગમાં ફોઈલ ટીમમાં અમરસિંહ ઠાકોર અને સચિન પટ્ટણી બંન્ને ગાંધીનગર, અજયસિંહ ચુડાસમા અમદાવાદ, મં દિપાસિંહ-ભાવનગર, ઈપીટીમમાં સિધ્ધરાજસિંહ-ભાવનગર, હર્ષવર્ધનસિંહ-અમદાવાદ, જલ્પ પ્રજાપતિ, કરણ ભાટ બંન્ને સાબરકાંઠા, સેબર ટીમમાં ચંદન પટ્ટણી-ગાંધીનગર, અર્જુનસિંહ ઝાલા-ભાવનગર, ધર્મરાજસિંહ જાડેજા-જામનગર અને ધ્રુવ વંશ -ગીરસોમનાથ,નો સમાવેશ થાય છે. જયારે બહેનોના વિભાગમાં ફોઈલ ટીમમાં ખુશી સમેજા, શીતલ ચૌધરી બંન્ને બનાસકાંઠા, નિશા ચૌધરી-મહેસાણા, દિવ્યા ઝાલા-ગીરસોમનાથ, ઈપી ટીમમાં રીતુ ચૌધરી મહેસાણા, પાર્વતી બેન ઠાકોર અને સૃષ્ટી ચૌધરી ત્રણેય ગાંધીનગર, મિતવા ચૌધરી-પાટણ, સેબર ટીમમાં પ્રિયંકાકુમારી સોલંકી અને જીનલ ચૌધરી બંન્ને-બનાસકાંઠા, રીતુ પ્રજાપતિ-મહેસાણા, અને વંદિતા બારડનો સમાવેશ થાય છે.જયારે કોચ તરીકે કિંજલબેન ઠાકોર અને હાર્દિકજી ઠાકોર બંને ગાંધીનગર, મેનેજર તરીકે દ્રષ્ટિ પટેલ-ભરૂચ, તારાબેન ઠાકોર-ગાંધીનગર તેમજ ટેકનીકલ ઓફિશ્યલ તરીકે ભરતજી ઠાકોર, ગાંધીનગર, અનિલ કુમાર-સાબરકાંઠા અને રોશન થાપા-અમદાવાદ સ્પર્ધામાં ગુજરાતનું પ્રતિનિધિત્વ કરશે. રાજયની ટીમમાં પસંદગી પામેલા તમામ ખેલાડીઓ, કોચ, મેનેજર અને ટેકનીકલ ઓફિશ્યલને એમેચ્યોર ફેન્સીંગ એસોસિએશન ઓફ ગુજરાત સ્ટેટના પ્રમુખ મુકેશ ચૌધરી અને મંત્રી ભરતજી ઠાકોરએ અભિનંદન પાઠવ્યા છે.

## એસ.કે.હોસ્પિટલ સામેથી પલ્સર બાઈકની ચોરી

કમલમ કાર્યાલય કોબા નજીક એસ.કે.હોસ્પિટલ સામે ખુલ્લી જગ્યામાં પાર્ક કરેલા પલ્સર બાઈક રાત્રીના સમયે કોઈ ચોર શખ્સ ચોરી કરી પલાયન થઈ જતા ઈન્ફોસીટી પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

મુળ અમરેલીના હાલ ગાંધીનગર પીડીપીયુ માર્ગ પર સિલીકોન હીલ્સ ખાતે રહેતા કેયુરભાઈ કિશોરભાઈ જોશી (ઉં.૨૮) પત્ની સાથે રહે છે અને સ્પર્ધાત્મક પરિક્ષાની તૈયારી કરે છે. કેયુર જોશીની પત્ની ગત તા.૨ માર્ચના રોજ બિમાર થઈ જતા કોબા નજીક એસ.કે.હોસ્પિટલ ખાતે સારવાર માટે એડમીટ કરવામાં આવ્યા હતા. જેથી કેયુર જોશી તા.૨ માર્ચના રોજ રાત્રીના ૯.૩૦ કલાકે હોસ્પિટલ ખાતે પહોંચી ખુલ્લી જગ્યામાં બાઈક નં. જી.જે. ૧૪.એ.જે.-૬૦૨૧ પાર્ક કરીને રાત્રે રોકાયા હતા. ત્યારબાદ સવારે કેયુર જોશી ઘરે જવા માટે નીકળ્યા હતા. પરંતુ બાઈક પાર્ક કરેલ તે જગ્યાએ પહોંચતા બાઈક સ્થળ પર જોવા મળ્યું ન હતું. કેયુર જોશીને બાઈકની વિમા પોલીસી મળતા ઈન્ફોસીટી પોલીસ મથકે બાઈક ચોરીની ફરીયાદ નોંધાવી છે.

## દિવ્યાંગ ઉમેદવારો માટે ખાસ ભરતીમેળો યોજાયો

ગાંધીનગર, તા. ૧૨

દિવ્યાંગ ઉમેદવારો માટે ખાસ ભરતી મેળાનું આયોજન અમદાવાદ ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં કુલ ૭૬ ઉમેદવારો અને કુલ ૧૨ નોકરીદાતાઓ ઉપસ્થિત રહ્યા હતા. આ ભરતીમેળામાં કુલ ૩ દિવ્યાંગ ઉમેદવારોની પસંદગી થઈ હતી અને ૪૩ દિવ્યાંગ ઉમેદવારોની પ્રાથમિક પસંદગી કરવામાં આવી હતી. આ દિવ્યાંગ ભરતી મેળામાં મદદનીશ નિયામક જિલ્લા રોજગાર કચેરી, અમદાવાદ, જિલ્લા સાહસીક વિકાસ કેન્દ્ર નરોડા, મહિલા દિવ્યાંગો માટેના નેશનલ કેરિયર સર્વિસ સેન્ટર, વડોદરા હાજર રહ્યા હતા.

## મહુન્દ્રા ગ્રામ પંચાયત દ્વારા ગ્રામ શિબિરનું આયોજન

ગાંધીનગર, તા. ૧૨

ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ સાદરાના રાષ્ટ્રીય સેવા યોજના એકમ આયોજિત મહુન્દ્રા ગ્રામ પંચાયત દ્વારા મહુન્દ્રામાં ગ્રામ શિબિરનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. જેમાં આઝાદીના અમૃત મહોત્સવ પર યુવા સંકલ્પ, શ્રેષ્ઠ ભારત કે પાંચ પ્રકલ્પ શિબિરમાં રસીકરણ, પર્યાવરણ, પ્રાકૃતિક ખેતી, નશાબંધી, ફીટ ઈન્ડિયા વિષય ઉપર લોક જાગૃતિ કાર્યક્રમો હાથ ધરાશે. આ ઉપરાંત ગ્રામસેવા કાર્યોમાં બાળ તંદુરસ્તી હરીફાઈ, વાનગી હરીફાઈ, સર્વરોગ નિદાન કેમ્પ, ગૃહ સુશોભન કેમ્પ, પશુ સારવાર કેમ્પ, મહોલ્લા હરીફાઈ જેવા કાર્યક્રમો યોજાશે. ૧૦૫ સ્વયંસેવકો દ્વારા સફાઈ કાર્ય કરવામાં આવશે. ગ્રામ શિબિરનું ઉદ્‌ઘાટન દીપ પ્રાગટ્ય દ્વારા સરપંચ કૈલાશબા શોલંકી, શોભનાબા વાઘેલા, લાખાભાઈ દેસાઈ, રમેશભાઈ પટેલ, સુરેન્દ્રસિંહ રાણા, પ્રહલાદભાઈ પટેલે કર્યુ હતુ. અધ્યક્ષ સાથે સંકુલના સંયોજક રમેશભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. ગ્રામ શિબિરની રૂપરેખા શિબિર સંચાલક ડૉ. રાજેન્દ્રભાઈ જોષીએ આપી. સભા સંચાલન પ્રોગ્રામ ઓફિસર ડૉ. દિવ્યેશભાઈ ભટ્ટે કર્યુ. ડૉ. મોતીભાઈ દેવએ આભારદર્શન કર્યુ. ભાવના ચાવડાએ શિબિરમંત્રી તરીકેની કામગીરી સંભાળી હતી.



સેક્ટર-૨૧ ડિસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટરની મધ્યમાં છેલ્લા કેટલાક સમય અગાઉ ફૂવારા બનાવવામાં આવ્યા હતા, પરંતુ જાળવણીના અભાવે આ ફૂવારાઓ કાટ ખાઈ જતાં ફૂવારા નકામા બની ગયા હતા અને તુટી ગયા હતા. અનેક રજૂઆતો બાદ આખરે અહીંથી જૂના ફૂવારાઓને હટાવી નવુ બાંધકામ કરવામાં આવી રહ્યું છે.

## ગાંધીનગર જિલ્લાના વ્યક્તિઓ માનવ કલ્યાણ યોજનાનો લાભ લેવા ઓનલાઈન પોર્ટલ પર અરજી કરી શકશે

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા માનવ કલ્યાણ યોજનાનું અમલીકરણ કરવામાં આવે છે. આ યોજનાનો લાભ જિલ્લાના નાના વ્યવસાય કરતા લોકો સરળતાથી લઈ શકે તે માટે સ્દ્રરૂઁઈ્છન માં ઓન લાઈન અરજી કરી શકે છે. આ પોર્ટલ પર તા. ૧૫મી માર્ચ થી ૧૫મી મે, ૨૦૨૨ સુધી અરજી સ્વીકારવામાં આવશે, તેવું જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના જનરલ મેનેજરે જણાવ્યું છે.

જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, ગાંધીનગરના જનરલ મેનેજરે જણાવ્યું છે કે રાજય સરકારની માનવ કલ્યાણ યોજના સ્વરોજગારી પુરી પાડતી યોજના છે. આ યોજનાની કામગીરી પારદર્શક અને ઝડપી બને તથા અરજદાર ઘરે બેઠા-બેઠા જ ફોર્મ સરળતાથી ભરી શકે યોજનાનો લાભ લઈ શકે તે માટે સ્દ્રરૂઁઈ્છન તૈયાર કરવામાં આવ્યું છે. અરજદાર “e-kutir” પોર્ટલ પર https://e-kutir.gujarat.gov.in લીંક પર જઈ માનવ કલ્યાણ યોજના અંતર્ગત રજીસ્ટ્રેશન કરી વિગતો ભરી, જરૂરી ડોક્યુમેન્ટ સ્કેન કરી અપલોડ કરવાના રહેશે.

માનવ કલ્યાણ ગરિમા યોજનાનો લાભ કડિયાકામ, સેન્ટીંગ કામ, વાહન સર્વિસીંગ અને રેપેરીંગ, મોચીકામ, દરજીકામ, ભરતકામ, કુંભારીકામ, વિવિધ પ્રકારની ફેરી, પ્લમ્બર, સાવરણી સુપડા બનાવનાર, દૂધ- દહી વેચનાર, માછલી વેચનાર, પાપડ બનાવટ, અથાણા બનાવટ, ગરમ, ઠંડા, પીણા, અલ્પાહાર વેચાણ, પંચરકીટ, ફલોર મીલ, મસાલા મીલ, બ્યુટી પાર્લર, ઈલેકટ્રીક એપ્લાયન્સીસ રીપેરીંગ, ખેતીલક્ષી લુહારીકામ/વેલ્ડીંગ કામ, સુથારી કામ, ધોબીકામ, રૂની દીવેટ બનાવવી (સખી મંડળની બહેનો), મોબાઈલ રીપેરીંગ, પેપર કપ અને ડીશ બનાવટ (સખી મંડળ), હેર કટીંગ (વાળંદ કામ) જેવા વ્યવસાય કરતા વ્યક્તિઓ લાભ લઈ શકશે.

ઉપરોક્ત ઓનલાઈન પોર્ટલ ઉપર અરજી કરવામાં અરજદારોને મુશ્કેલી જણાય તો જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, ગાંધીનગર ફોન નંબર - ૦૭૯ - ૨૩૨ ૫૬૭૨૩, ૨૩૨ ૫૯૨૮૧, ૨૩૨ ૫૯૦૫૭ ઉપર સંપર્ક કરવો અથવા પાંચમો માળ, સહયોગ સંકુલ, સેકટર- ૧૧ ખાતે રૂબરૂ સંપર્ક કરવા જણાવ્યું છે.



**છાલા શેઠ કે.એમ. શાહ સર્વોદય હાઈસ્કૂલમાં ૭૦ કન્યાઓને સાયકલ અપાઈ**

શેઠ કે.એમ. શાહ સર્વોદય હાઈસ્કૂલ છાલા ખાતે સામાજિક શૈક્ષણિક પછાત વર્ગની કન્યાઓને સરસ્વતી સાધના સહાય યોજના હેઠળ સરકારશ્રી તરફથી મળતી સાયકલ સહાય અંતર્ગત આશરે ૭૦ જેટલી કન્યાઓને સાયકલ વિતરણ કરવામાં આવ્યું. આ તબક્કે છાલા ગામના સરપંચ મેઘનાબેન પટેલ, છાલા કેળવણી મંડળના પ્રમુખ ચેલાભાઈ પટેલ, મંત્રી જશુભાઈ બી. ચૌધરી, શાળાના આચાર્ય આર.કે. દેસાઈ, સિનિયર ક્લાર્ક કે.એસ. દેસાઈ તથા આશાવર્કર દિનાબેન ત્રિવેદી વગેરે મહાનુભાવો ઉપસ્થિત રહી કન્યાઓને સાયકલ એનાયત કરી હતી.

## રાજ્યમાં લોકોને માસ્કમાંથી મુક્તિ મળે એવી સંભાવના

કોરોનાને લઈને મોટાભાગના નિયંત્રણો હળવા થયા બાદ હવે ફરજિયાત માસ્કમાંથી પણ નાગરિકોને રાહત મળે તેવી શક્યતા છે. કેન્દ્ર સરકાર દ્વારા ટૂંક સમયમાં આ અંગેની નવી ગાઈડલાઈન જાહેર કરાય તેવી સંભાવના છે. ઉલ્લેખનીય છે કે, ગુજરાતમાં છેલ્લા ઘણા દિવસોથી રોજ નોંધાતા કોરોનોના કેસોની સંખ્યા ખૂબ જ ઘટી ગઈ છે જેથી અગાઉ રાજ્ય સરકાર દ્વારા નાઈટ કર્ફ્યૂમાંથી મુક્તિ આપવામાં આવી હતી. કોરોના મહામારી શરૂ થઈ ત્યારથી સરકાર દ્વારા માસ્ક ફરજિયાત કરવામાં આવ્યું હતું. જો કે, હવે કેસો ઘટતા સરકાર હવે તેને ધીમે-ધીમે મરજિયાત કરવા આગળ વધી રહી છે. ટૂંક જ સમયમાં નવી માર્ગદર્શિકા સાથે આ સંદર્ભે નિર્ણય જાહેર થઈ શકે છે. મહત્વનું છે કે, દેશના અનેક રાજ્યોમાં માસ્ક પહેરવા સંદર્ભે નિયમો હળવા કરાયા છે.

## સંકુલ સાદરામાં દાંડીયાત્રા વિશે વ્યાખ્યાન યોજાયું

ગાંધીનગર, તા. ૧૨

ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ સંચાલિત મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ સાદરાના સરદાર ઉપાસના મંદિરમાં ગુજરાતી વિષયના પ્રા. બળદેવભાઈ મોરી દ્વારા દાંડીયાત્રા : ગઈકાલે અને આજે વિષય પર વ્યાખ્યાન આપવામાં આવ્યું. જેમાં તેમણે દાંડીયાત્રાનાં ઐતિહાસિક સંદર્ભ સાથે તેની શરૂઆતી ભૂમિકા, તેની પાછળનો ઉદ્દેશ તેની પૂર્વતૈયારી, તેનાં ઐતિહાસિક માર્ગ અને સ્થળો, તેમાં જોડાયેલા ચૂનંદા સાથીઓ, દાંડીયાત્રાનો વિરોધ, તેની પૂર્વતૈયારીમાં સરદાર વલ્લભભાઈ પટેલની ભૂમિકા, તેનાં પ્રચાર અને પ્રસાર માટે વિદેશી અને સ્થાનિક વર્તમાનપત્રો અને મીડિયાની ભૂમિકા, અંગ્રેજ સરકારની દમન અને શોષણખોર નીતિ, ૧૯૨૯નાં લાહોર અધિવેશનનાં પૂર્ણ સ્વરાજનાં ઠરાવની ભૂમિકા, આ પદયાત્રાનો આમજનતા ઉપરનો વ્યાપક પ્રભાવ, દાંડીયાત્રાનાં ફળશ્રુતિરૂપ સત્યાગ્રહો અને આંદોલનો વિશે તેમજ આજનાં સંદર્ભમાં દાંડીયાત્રા જેવા સમાજ જાગૃતિનાં કાર્યક્રમોનાં બદલાયેલા સ્વરૂપ વિશે રસપ્રદ વાત કરી હતી. કાર્યક્રમની ભૂમિકા કાર્યકારી સંયોજક ડૉ. ગાયત્રીદત્ત મહેતાએ બાંધી અને સમગ્ર કાર્યક્રમનું આયોજન સંયોજક રમેશભાઈ પટેલનાં માર્ગદર્શન હેઠળ થયું. આ પ્રસંગે સંકુલના સૌ વિદ્યાર્થીમિત્રો અને અન્ય અધ્યાપકગણ તેમજ સેવકમિત્રો જોડાયા કાર્યક્રમનાં અંતે ડૉ. ગેલજીભાઈ ભાટિયાએ આભારવિધિ કરી.